સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે નવા રચાયેલ ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓમાં મધ્યાહન ભોજન યોજનાનું નવું મહેકમ ઉભું કરવા રૂ.૧૨૮.૦૧ લાખની વહિવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃમભય-૧૦૨૦૧૪-૨૨૯-ર

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૪/૦૭/૨૦૧૪

વંચાણે લીધાઃ

(૧)મહેસુલ વિભાગનું તા.૧૩/૮/૨૦૧૩ના જાહેરનામાં ક્રમાંક- જીએચએમ/૨૦૧૩/૬૯/એમ/પીએફઆર/૧૦૨૦૧૩ /૧૩૯/એલ૧

(૨) કમી.મ.ભો.યોનો તા.૧૪/૫/૨૦૧૪નો પત્ર ક્રમાંક-મભય/મકમ/ક/૨૦૧૪/૩૯૫૬-૫૮

સંદર્ભ-૧ માં જણાવેલ જાહેરનામાથી રાજ્યમાં નવા રચાયેલ ૭ જિલ્લા અને ૨૩ તાલુકાઓની રચના કરવામાં આવેલ છે. રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના અસરકારક અમલીકરણ માટે નીચે મુજબની જિલ્લાકક્ષાની અને તાલુકા કક્ષાની કુલ-૨૧૩ જગ્યાઓનું નવા મહેકમની તમામ જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવા માટે સને ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રૂ.૩૧૪.૪૦ લાખની બજેટ જોગવાઇ કરવા માટેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

(ક) ૭-જિલ્લાકક્ષા માટે મહેસુલનું મહેકમ-

| ક્રમ | જગ્યાનું નામ | | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | નાયબ કલેકટર | વર્ગ-૧ | ૭ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે -૫૪૦૦ |
| ૨ | નાયબ મામલતદાર | વર્ગ-૩ | ૭ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે -૪૨૦૦ |
| ૩ | ડ્રાયવર | વર્ગ-૩ | ૭ | આઉટ સોર્સીંગ મારફત |
| ૪ | પટાવાળા | વર્ગ-૪ | ૭ | આઉટ સોર્સીંગ મારફત |
| | | કુલ જગ્યા | ૨૮ | |

(ખ) ૨૩-નવા તાલુકાનું મહેકમ-

| ક્રમ | જગ્યાનું નામ | | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | નાયબ મામલતદાર | વર્ગ-૩ | ૨૩ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે -૪૨૦૦ |
| ૨ | કારકુન | વર્ગ-૩ | ૨૩ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૧૯૦૦ |
| ૪ | પટાવાળા | વર્ગ-૪ | ૨૩ | આઉટ સોર્સીંગ મારફત |
| | | કુલ જગ્યા | ૬૯ | |

૨/ પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના અસરકારક અમલીકરણ માટે ઉપર મુજબની (૧) નવરચિત ૭ જિલ્લા માટે જિલ્લા કક્ષાએ નાયબ કલેકટરશ્રીની એક જગ્યા જિલ્લાદીઠ અને નાયબ મામલતદારની એક જગ્યા જિલ્લાદીઠ પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે.તથા જિલ્લાદીઠ એક ડ્રાયવર અને એક પટાવાળાની સેવાઓ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.(૨) નવરચિત ૨૩ તાલુકાદીઠ નાયબ મામલતદારની એક જગ્યા તથા ૨૩ તાલુકાદીઠ કારકુનની એક જગ્યા લેખે તાલુકાદીઠ કુલ-૨૩ નાયબ મામલતદાર તથા ૨૩ કારકુનની જગ્યાની પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે.અને ૨૩ તાલુકાદીઠ એક પટાવાળાની સેવાઓ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.સને.૨૦૧૪-૧૫માં નવો બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રૂ.૧૨૮.૦૧ લાખની (અંકે રૂપિયા એકસો અઠાવીસ લાખ અને એક હજાર રૂપિયા પુરા)બજેટ જોગવાઇ કરવા આથી નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

શરતો- (૧) આ દરખાસ્તને વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૨) આ દરખાસ્ત અંગે વિધાનસભાની બજેટ જોગવાઇની મંજુરી મળ્યા બાદ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરવાની રહેશે.

(૫)આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.બાકી રહેતી બચત રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોયતો નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહિવટ વિભાગના તા.૪/૬/૨૦૦૬ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુંસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.અને આજગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યો હોયતો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) કમીશ્નરશ્રીએ વર્ગ-૪ની જગ્યાઓની કામગીરી સામાન્ય વહિવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટ સોર્સીંગથી ક્રાવવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરી કરવાની રહેશે.

(૧૨) આ નવી મંજુર કરેલ જગ્યાઓનું ખર્ચ વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટનીમર્યાદામાં જે તે નાણાકિય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનું રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુંસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) નવી મંજુર થયેલ જગ્યાઓ જેતે નાણાકિય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાયતો કમીશ્નરે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાકિય સલાહકારશ્રીને રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૬) આ ખર્ચ તા.૧/૮/૨૦૧૪ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૪-૧૫માં નવી બાબતે અંદાજપત્રમાં માંગણી નં.૯,પ્લાન,મુખ્ય સદર-૨૨૩૬-પોષણ,પેટા મુખ્ય સદર-૦૨પોષણ યુકત આહાર અને પીણાનું વિતરણ,ગૌણ સદર-૧૦૨-મ.ભો.યો.,(૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન)હેઠળ ઉધારવાનું રહેશે તથા તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનુ રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૫/૬/૨૦૧૪ અને નાણાસલાહકારશ્રી (શિક્ષણ)ની તા. ૧૬ /૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિ.),ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સબંધિત જિલ્લા કલેકટરશ્રી } કમિશ્નરશ્રી,મ.ભો.યો.મારફત
- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી }
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- બજેટ શાખા,નાણા શાખા,શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
- સિલેકટ ફાઇલ.